# 'આરણ્યક' અને 'સમુદ્રાન્તિકે' : એક તુલનાત્મક અભ્યાસ

ડૉ. બાબુ પટેલ

અર્વાચીન સાહિત્યના ઉદયકાળથી જ સર્જકના સર્જકત્વના અભિન્ન અંશ તરીકે પ્રકૃતિ આલેખાતી આવી છે. આજ સુધી પ્રકૃતિએ સર્જકને ઓછેવત્તે અંશે પ્રભાવિત કર્યો છે. એમ છતાં આપણે કહેવું પડશે કે આ પ્રકૃતિનો વિનિયોગ બહુધા એક મુખ્ય કથાનકની અંતર્ગત એક અંશ તરીકે જ થતો રહેયો છે. ભારતીય સાહિત્યમાં એવી અલ્પ કૃતિઓ જ ઉપલબ્ધ છે કે જેમાં નૈસર્ગિકતત્ત્વને નાયકનું પદ પ્રાપ્ત થયું હોય. આ સ્થિતિમાં 'આરણ્યક' તથા 'સમુદ્રાન્તિકે' એ બંને કૃતિઓ અત્યંત ધ્યાનપાત્ર છે. નિસર્ગને નાયક લેખતી આ બે કૃતિઓ – બંગાળી સાહિત્યની વિભતિભૂષણ બંદોપાધ્યાયની કૃતિ 'આરણ્યક' તથા ગુજરાતી સાહિત્યની, ધ્રુવ ભટ્ટની કૃતિ 'સમુદ્રાન્તિકે' – વચ્ચેના સામ્ય-ભેદ તથા બંને કૃતિઓના રસકીય અભ્યાસનો પણ ખ્યાલ કરતાં જવાનો ઉપક્રમ સેવ્યો છે.

ઉપર્યુક્ત બંને કૃતિઓના આરંભ લગભગ સમાન અને સૂચક છે. આથિક ઉપાર્જનની શોધમાં બંને કૃતિઓના નાયક પ્રકૃતિની ગોદમાં આવી ચડે છે. જો કે બંને કૃતિમાં નિરૂપિત પ્રકૃતિનાં આ બે તત્ત્વો વચ્ચે ભિન્નતા છે. એકમાં છે અરણ્ય અને બીજામાં છે સમુદ્ર. આરંભને આપણે સૂચક એ રીતે ગણાવી શકીએ કે, માણસ જ્યાં સુધી શહેરી ઝડઝમક વચ્ચે ઘેરાયોલો રહે છે ત્યાં સુધી તેને ક્યારેય પ્રકૃતિના લખલૂટ સૌન્દર્ય તરફ મીટ માંડવાની ફુરસદ મળતી નથી – કહેવાય કે ઇચ્છા થતી નથી. શહેરી દોડધામ ને ઘોંઘાટથી ટેવાયેલો માણસ સમુદ્રતટનો કે મધ્યઅરણ્યની નીરવતાને ઉજ્જડતાના સંદર્ભે મૂલવાતો હોય છે. પરંતુ પ્રકૃતિતત્ત્વ સાથ સ્નેહતંતુ જોડાયા પછી – તેની સાથ એકરૂપ થયા પછી તે અનેક પ્રયત્ને પણ પોતાની જાતને પ્રકૃતિથી ભિન્ન કલ્પી શકતો નથી. આપણે સભાનતાથી થોડા વિમુખ છીએ, નહિતર પ્રકૃતિ તો પોતાના બંને બાહુ આપણી સમક્ષ ફેલાવીને ઊભી છે અને આપણને ગોદે રમાડવા તત્પર જ છે. જેમ જેમ આ બંને કૃતિઓનાં કથાનકમાં ઊતરતા જઇએ છીએ તેમ તેમ આવું એક રોમાંચક સંવેદન દિલના અગોચર ખૂણે કોરાયા કરે છે.

બંને કૃતિના સર્જકોનો Point of View લગભગ સમાન છે, પ્રકૃતિને જીવંત સ્પર્શ આપી તેની સાથ ભાવકની લાગણીઓને જોડી આપવાનો. પ્રકૃતિની અંતર્ગત વિલસતાં પાત્રોનું પણ એક અનોખું ભાવવિશ્વ લેખકોએ રચ્યું છે. ઉપરાંત બંને કૃતિની રચનારીતિ અને પ્રસંગગૂંથણીમાં પણ સાદૃશ્યપણું દેખાશે. અનેક નાના-મોટા, વેર-વિખેર પ્રસગોને એક સ્થલકાળમાં સમાવી લેવાયા હોય એવું અહીં બન્યું છે. છતાં, કૃતિઓના કથાનકમાં સળંગસૂત્રતા પણ જળવાઇ રહે છે. બંને કૃતિમાં પ્રથમ પુરુષ એકવચનનું કથનકેન્દ્ર યોજાય છે. અર્થાત્, કથક પોતાના મુખે જ આખી વાત વર્ણવે છે. બંને વચ્ચે તફાવત એ છે કે 'આરણ્યક'નો કથક એક બદામના ઝાડ નીચે બેસી અતીતના સંસ્મૃતિતારે આખીયે વાતને ગૂંથ છે જ્યારે 'સમુદ્રાન્તિકે' નો કથક વર્તમાનમાં જે જે બને છે તે આલેખતો જાય છે. કથાનકમાં પ્રવેશ્યા બાદ બંનેની ભાવાભિવ્યક્તિની ટેક્નિક વચ્ચે ઝાઝું અંતર રહેતું નથી. ઉદાહરણ તરીકે 'સમુદ્રાન્તિકે'માં બંગાળી બાવાના મુખે આ પ્રકારનું કથન મુકાયું છે.

''દેખ, યે જો સમંદર હૈ, મૈંને ઉસે એક હી રૂપ મેં કભી ભી નહીં દેખા. યે હરપલ નયા રૂપ લેતા હૈ, યે પથ્થર હૈ, યે રાસ્તા, પેડ, પૌધે, યે મિટ્ટી યે સબ ઇસ પલમેં હૈ, અગલે પલમેં વહી હોંગે ક્યા? દોસ્ત, પ્રકૃતિ એક હી રૂપ ફિરસે કભી નહીં દિખાતી. હંમેશા બદલતી રહતી હૈ.'' (સમુદ્રાન્તિકે : પૃ-૩૩)

'આરણ્યક'નો કથક પ્રકૃતિ સંદર્ભે જે લાગણી અનુભવે છે તે આ પ્રકારની છે :

''જો તમે કુદરતમાં જ નિમગ્ન રહેશો, તો એના સર્વ પ્રકારના આનંદનો, સૌન્દર્યનો, ને અનોખી શાંતિનો એ તમારી પર એવો વરસાદ વરસાવશે, એવો વરસાદ વરસાવશે કે તમે પાગલ થઇ જશો. દિવસ ને રાત એના જુદા જુદા રૂપની મોહિનીથી પ્રકૃતિ તમને મુગ્ધ કર્યા જ કરશે, નવી દૃષ્ટિ આપશે, તમારા મનની શક્તિને તેજીલી બનાવશે, ને અમરલોકનો આભાસ દર્શાવી, તમને અમરત્વ સુધી પહોંચાડશે.'' (આરણ્યક : પૃ. ૧૨૪)

ઉપર્યુક્ત બંને કથનોમાં સામ્યનો ખ્યાલ કરી શકાશે, પરંતુ પ્રકૃતિનાં આ બંને તત્ત્વોનાં વર્ણનોમાં ભિન્નતા છે. 'આરણ્યક' અરણ્યની ગદ્ય કવિતા છે તો 'સમુદ્રાન્તિકે' સમુદ્રની. 'આરણ્યક'માં નિરૂપિત લવટૂલિયાનું સૌન્દર્ય. લવટૂલિયા અને કચેરી વચ્ચે એક લાલ માટીનો ઊંચો, સાત-આઠ માઇલ લાંબો પહાડી રસ્તો છે, જેનું નામ 'ફૂલ કિયા - બઇહાર' છે તેનું સૌન્દર્ય, સરસ્વતી કુંડ ને ધનઝરીના સૌન્દર્ય ઉપરાંતુ મહાલિખારૂપનું જંગલ, મોહનપુરનું જંગલ, કારો નદીનો પટવિસ્તાર, નાઢા બઇહાર જવાં અનેક સ્થળોનું ચિત્રાત્મક વર્ણન થયું છે. આ અરણ્યમાં થનારી અનેક વેલ-વનસ્પતિ, જેવી કે - ચંદ્રમલ્લિકા, શેફાલી, અર્જુન, પિયાર, શાલમંજરી, રક્તપલાશ, ભમરાલતા, હંસલતા, હરસિંગાર વૃક્ષ, દૂધિયા ફૂલ, સ્પાઇડર લીલી વગેરેનાં વર્ણનોમાં તો તેની માદક ખુશબો ભાવકનાં હૃદય-મન સુધી પહોંચતી જણાય છે. 'સમુદ્રાન્તિકે'માં વરાહસ્વરૂપનો જલરાશિ ને તેની વનરાજી, શ્યાલબેટનું પ્રકૃતિરૂપ, મોજાંઓના મારથી ખડકમાં કોતરાયેલી રેતાળ પથરાવાળી ગુફાઓ, સમુદ્રનો ખારો પટ વિસ્તાર, રુક્મીપાણો, એકલિયા હનુમાન જેવાં અનેક સ્થળોની સૌમ્ય જીવંતતાનો અહેસાસ થાય છે. અહીં ખેચરસૃષ્ટિનું સૌન્દર્ય પણ આહ્લાદક છે. હિંમતવાન પક્ષી કાળોકોસી, દૂધરાજ, બી-ઇટર જેવાં વિહંગનું વર્ણન વાંચતાં તેઓ આપણી આંખ સામે ઊડી જતાં હોય એવું અનુભવાય છે.

પ્રકૃતિ જ્યારે રીઝે છે ત્યારે તેનું સમસ્ત રૂપ આપણી સમક્ષ ખુલ્લુ કરી દે છે, અને રૂઠે છે ત્યારે તેની સામે એક મીટ માંડતાં પણ પ્રજળી જવાય એવું રણચંડીરૂપ ધારણ કરે છે. પ્રકૃતિનાં આ રમ્યરુદ્ર રૂપો પ્રસ્તુત બંને કૃતિમાં આકારિત થયાં છે. ઉદાહરણ તરીકે પ્રકૃતિનું મનભર અને મનહર દૃશ્ય 'સમુદ્રાન્તિકે'-માં આ મુજબ આવે છે :

'સમુદ્ર મને તરંગોથી સ્પર્શે છે. હવામાં ભેજ સ્વરૂપે આવીને મારા મુખ પર પથરાય છે. તેની ખારાશભરી સુગંધ મનને પ્રફુલ્લિત કરે છે. દરિયા પરથી આવતો ઠંડો પવન સૂર્યના તાપની અસર ઘટાડી દે છે. એક તરફ ચાંદનીમાં ચળકચળક થતો તરંગરાશિ, પશ્ચિમાકાશે જતો ચંદ્ર, બીજી તરફ ઊંચી કાળી ભાઠોડાની હાર. પ્રકૃતિની આ મહાન રચનાઓ વચ્ચે સરકતી, સફેદ શઢ ફરકાવતી હોડી. ગાંધર્વો અને કિન્નરોને માટે સર્જાયું હોય તેવું આ રમ્ય, નિતાંત સૌન્દર્યમય જગત અત્યારે તેની ચરમ સુંદરતાથી વિલસ્યું છે.'' (સમુદ્રાન્તિકે : પૃ. ૧૨, ૫૮)

અરણ્યનું સૌન્દર્ય તેની આગવી છટાથી આ રીતે જીવંતસ્પર્શ પામ્યું છે :

''વૃક્ષો ને છોડવાઓ ઉપર અસ્ત પામતો સૂર્ય સિંદૂર છાંટતો હોય, સંધ્યાસમયના પવનમાં જંગલી પુષ્પોની તથા ઘાસમાંથી મીઠી સુગંધ આવતી હોય. પ્રત્યેક વૃક્ષ ને છોડ પંખીના સૂરીલા સંગીતે વાચાળ બન્યાં હોય, ન તેમાં હિમાલયના જંગલી પોપટનો અવાજ ભળે પછી માધુર્ય ચોતરફ રેલાય એમાં શી નવાઇ !.... નાઢા બઇહારનું કે

આઝમાબાદનાં ખુલ્લાં મેદાનોમાં ગોધૂલિ વખતે, સિંદૂરવર્ણું આકાશ, ચાંદનીથી આચ્છાદિત પ્રદેશ જોઇને મનમાં થતું હતું કે એ જ પ્રેમ ને રોમાંચકતા છે, કવિતા ને સૌન્દર્ય છે, શિલ્પ ને ભાવુકતા છે; એ પોતાના સાચા હૃદયથી બધાને ચાહે છે.'' (આરણ્યક : પૃ. ૨૮ તથા ૨૬૦)

આ ઉપરાંત સમુદ્રરંગો પર ફેલાયેલી જ્યોત્સ્ના અને કાશવન પર પથરાયેલી જ્યોત્સ્ના પણ અલગ-અલગ સ્થળે તેની વિભિન્ન આહ્લાદકતાનો અનુભવ કરાવે છે. તો વળી, વાવાઝોડા સમયે સમુદ્રનાં ઊછળતાં મોજાં જોતાં લાગે કે જાણે સમસ્ત બ્રહ્માંડ રમણે ચડ્યું છે, તો બીજી બાજુ દાવાનલ કે અનાવૃષ્ટિ સમયે અરણ્ય પણ પોતાની લાલચોળ આંખો કાઢી મનુષ્યો ને પશુ-પક્ષીઓને ત્રાહિમામ પોકરાવે છે. બંને કૃતિનાં વર્ણનો પરત્વે એટલું ચોક્કસ કહી શકાય કે 'સમુદ્રાન્તિકે' કરતાં 'આરણ્યક'નાં પ્રકૃતિસૌન્દર્યનાં વર્ણનોનાં વ્યાપ અનેવૈવિધ્ય બહોળા પ્રમાણમાં છે. ઉપરાંત 'આરણ્યક'ના લેખકનું પ્રકૃતિનિરૂપણ માટેનું : વિચાર-વાણીનું ઓજાર સાફ-સૂથરું ને ધારદાર છે.

આપણા શિષ્ટ અને સંસ્કારી કહેવાતા ભદ્રસમાજથી સાવ અલિપ્ત રહેલા અને પ્રકૃતિને ખોળે જીવતાં, હારતાં-જીતતાં, પડતાં-ઊઠતાં, દીન-હીન, અનેક સ્ખલનોને વશ થવાં છતાં જીવન જીવવાની આગવી રીતથી વરવી દારુણતામાં પણ મુક્ત મને હસી શકતાં ને ભાવકનાં દિલદિમાગ પર છવાઇ જતાં અનેક અરણ્યવાસી અને સમુદ્રતટ નિવાસી પાત્રો પ્રકૃતિની પ્રશ્વાદભૂમાં પોતાનું પોતાનું પ્રગટાવતાં રહ્યાં છે. આ પાત્રોની વાસ્તવિક સ્થિતિને ઉપસાવતું એક કથન જોવા જેવું છે.

''અથાગ મહેનતને અંતે પણ કેટલું અને કેવું પાકશે તેની ધારણા ક્યારેય ન બાંધી શકતો આ માનવી કયા આંતરિક બળે એક અજાણ્યા માણસને ઉષ્માભર્યો આવકાર નિરાંતે આપી શકતો હશે?''(સમુદ્રાન્તિકે : પૃ. ૮)

આ બંને કૃતિઓમાં પોત્રોનું અનેકવિધ વૈવિધ્ય છે. પ્રકૃતિસત્ત્વનું પાન કરીને ઊછરેલા અહીંના લોકોનું એક નવું જ વિશ્વ દષ્ટિગોચર થાય છે. 'આરણ્યક'માં નાનાં-મોટાં અનેક પાત્રો સારી-નરવી સ્થિતિમાં પોતાના આત્મબળે જીવન ટકાવી રાખે છે. કચેરીનો ચોકીદાર મનુઘર, સ્વજનોથી પરવારી ગયેલો. ને ભીખ માગીને ભૂખ ભાંગતો ગનોરી-તિવારી, પાંચ ભેંસોની સંપત્તિમાં ગર્વભેર જીવનાર ગેનું મહાતો, એંઠા પતરાળીનો ભાત ઉઠાવી જતી વિધવા કુંતા, ૧૮૬૨ ના સાંતલના બળવા પછી બધી જ રિદ્ધિ-સિદ્ધિ ગુમાવી બેઠેલો રાજા દોબરૂ પાન્ના, એક આરસી લાવી આપવા માટે કથાનાયકને વિનંતી કરતી દોબરૂ પાન્નાની કુંવરી ભાનુમતિ, નૃત્યુનો શોખીન ધાતુરિયા, ધર્મપુસ્તકોનું પારાયણ કરતો ને નિ:સીમ અવકાશ ભણી તાકી રહેતો સેવાપરાયણ ફિલસૂફ રાજુ પાંડે, પૈસા ઉછીના આપી કડક ઉઘરાણી ન કરી શકતો ઉદાર ઘાઉતાલ શાહુ, શેર ધાણી ગાંઠે બાંધી ત્રણ દિવસની મુસાફરી કરતો મટુકનાથ પાંડે, કાપણી સમયે 'ફૂલ કિયા બઇહાર' આવતો નકછેદી અનેતેની બે પત્નીઓ; તુલસી ને મંચી, ઘનઘોર અરણ્યમાં સ્વજનવિહોણી ને કુટુંબના ભરણ-પોષણ માટે એકલાં હોથ ઝૂઝતી રખાલબાબુની વિધવા પત્ની, પ્રકૃતિને પ્રિયતમાની હદે ચાહતો યુગલપ્રસાદ ઉપરાંત બીજાં પણ અનેક પાત્રોને લેખકે પોતાની પ્રતિભાસંજીવનીથી સચેતન કર્યાં છે. અહીં ખલપાત્રોનું નિરૂપણ પણ એટલું જ તાદશ છે. આઠ-દસ લાઠીધારી સિપાહીઓની મદદથી પાકના જબરદસ્તીએ કબજો લઇ, મૂડીને વ્યાજસહિત વસૂલ કરતો રાસબિહારીસિંહ, પૈસાના જોરે અને ભવ્ય આતિથ્યના બદલામાં પોતાના પુત્રને તહેસીલદાર બનાવવાની દરખાસ્ત મૂકતો નંદલાલ ઓઝા, નાઢા બઇહારની દોઢ હજાર વીઘાંની ખેતીમાંથી શક્ય એટલું લાઠીના જોરે લૂંટી જતો, મારામારી કરાવી અજાણ બનતો છટુસિંહ વગેરે પાત્રોની રાજરમતને પણ લેખકે ઉપસાવી છે.

'સમુદ્રાન્તિકે'માં પાત્રોનો વ્યાપ પ્રમાણમાં ઓછો છે, છતાં કેટલાંક પાત્રો કૃતિના ચિરંજીવી અંશો બની રહ્યાં છે. નાયકને શિકોતર માતાના મંદિરે લઇ જતી બાલિકા જાનકી, 'ઇવડો ઇ આંય રે'સે તોય વાલબાઇને બાજરી ખૂટવાની નથ્ય' કહેતી જાનકીની માતા, તલાટીના ચોપડે પોતાનું નામ લખાવવાનું નીમ લઇને બેઠેલો ને અંતે કાળમીંઢ પથ્થરમાં પણ વૃક્ષો વાવી બતાવતો સબૂર, પક્ષીપ્રેમી ને પ્રકૃતિને પોષવી તેને ખુદાનું કામ માનતો નૂરભાઇ, રુક્મિની સ્તવનો ગાતો બંગાળી બાવો, ભયંકર સમુદ્રી તોફાનમાં પણ નાવને પાર ઉતારનાર ક્રિષ્નો ટંડેલ, તેની પત્ની બેલી, શ્યામજી મુખી ઉપરાંત ટેક, સ્વાર્પણ ને સહનશીલતાની મૂર્તિ સમી, ઇશ્વરસર્જિત સૃષ્ટિના દરેકે દરેક તત્ત્વને ચાહનારી અવલ તો કૃતિના અંત સુધી વાચકના મનમેદાનમાં રમ્યા કરે છે. અવલના પતિના પૂર્વજો- હાદાભટ્ટ અને કેશાભગતની ઉદાત્તગાથાઓ પણ અહીં વણી લેવામાં આવી છે.

બંને કૃતિઓમાં પાત્રનું વૈવિધ્ય ભારોભાર છે. 'સમુદ્રાન્તિકે'માં ગરીબ છતાં ઉદાર ને શીલવાન પાત્રોની જ સંયોજના થવા પામી છે. પાત્રોની જ સંયોજના થવા પામી છે. પાત્રવ્યક્તિત્વની કાળી બાજુ - પાત્રના અવગુણનીબાબત-નિરૂપણથી પર રહી ગયેલો જણાય છે. 'આરણ્યક'માં સારાં પાત્રોની સાથ જ ખલપાત્રો મૂકીને લેખકે ત્યાંના પ્રાદેશિક એકમને આપણી આંખ સામે હરતો-ફરતો કર્યો છે. કોઇ એક આપણી આંખ સામે હરતો-ફરતો કર્યો છે. કોઇ એક જગ્યાએ માત્ર સારા માણસોનો જ સમન્વય થયો હોય તે હકીકત સ્વીકારવી થોડી કઠે એમ છે. તેથી પાત્રનિરૂપણની કળા-સૂઝ બાબતમાં 'આરણ્યક' કૃતિ 'સમુદ્રાન્તિકે'થી વિશેષ ઉપર ઊઠી શકી છે. આ ઉપરાંત, 'સમુદ્રાન્તિકે'માં નિરૂપિત અવલના પાત્રનાં વાણી-વર્તન જોતાં લાગે કે લેખક અવલના પાત્રનું થોડું વધારે પડતું આદર્શીકરણ કર્યું છે. આમ છતાં કૃતિના મોટા ભાગમાં વિસ્તરેલું અવલનું શબ્દચિત્ર ભારતીય નારીના વ્યક્તિત્વનો ખ્યાલ કરવા પ્રેરે છે. આ અવલ અને 'આરણ્યક'નો આદિવાસી રાજા દોબરૂ પાન્નાને અન્ય પાત્રોથી વિશેષ મહત્ત્વ મળ્યું છે. આ બંન પાત્રોની જીવનરીતિ ને જીવનની કઠોર વાસ્તવિકતા જોતાં તેમની વચ્ચે સામ્યનો ખ્યાલ કરી શકાય. 'આરણ્યક'નો પ્રકૃતિપ્રેમી યુગલપ્રસાદને 'સમુદ્રાન્તિકે'નો પ્રકૃતિસ્નેહી નૂરભાઇ, શહેરી જીવનથી અજાણ બાળક ધાતુરિયાને શહેરી લોકાથી ભય પામતો નૂરભાનો બાળદોસ્ત વિષ્ણો જેવાં પાત્રામાં નિરૂપણનું અનેકવિધ સામ્ય ઊપસો આવે છે.

વાસ્તવિક જીવનનું નિરૂપણ એ આ બંને કૃતિઓના પ્રાણ સમાન છે. પ્રકૃતિની વત્સલ છાયા નીચે પાંગરતાં માનવીના જીવનની આ વાસ્તવિકતામાંથી જ સંવેદનાના અનેક વર્તુળો રચાતાં જાય છે. આપણા મતે ક્ષુલ્લક ગણાતી જીવનજરૂરી ચીજવસ્તુઓ પણ અહીંના લોકો માટે સ્વપ્તરૂપ હોય છે. 'આરણ્યક'નો ચોકીદાર મુનેઘર કથાનાયક પાસે લોઢાની કઢાઇ મેળવી આપવા ભલામણ કરવા આવે છે. એના મતે આ કઢાઇના કેટલા ઉપયોગો છે ! એક લોઢાની કઢાઇ હોય તો જ્યાં જઇએ ત્યાં એને સાથ લઇ જવાય, એમાં ભાત રંધાય ને ચીજવસ્તુઓ રાખી શકાય, એમાં જમાય, ને વળી ભાંગી જાય તેની ચિંતા નહીં. એક લોઢાની કઢાઇ માટે આ લોકાની આટલી તીવ્ર ઝંખના હશે તેની આપણને કલ્પના ય આવે ખરી? રાજા દોબરૂ પાન્ના રાજ્ય વગરનો રાજા છે. તેની જાહોજલાલી - સમુદ્ધિ, સત્તા કાળની ગર્તામાં અસ્ત પામ્યાં છે,છતાં તે પોતાની આદિમ સંસ્કૃતિના નમૂનારૂપ અડીખમ ઊભો છે. જે રાજાનું મૃત્યુ થતાં શાહુકાર કરજપેટે તેનાં ઢોર પણ ઢસડી જાય તે રાજા અને તેના કુટુંબની વિવશતા આથી તો વિશેષ શી હોઇ શકે? છતાં, આ રાજા જાડા લાલ ચોખા, પાકાં કુમડાં, ને જંગલી પરવળથી ભાણું તૈયાર કરી પૂર્ણ ભાવસભરતાથી, 'અતિથિ દેવો ભવ'ની ભાવનાને સાકર કરી શકે છે. આ રાજાની કુંવરી ભાનુમતિ ભલે વન્યબાળા જેવી લાગતી હોય, છતાં કલકલ વહેતાં ઝરણાંની સરળતા અને રક્તપલાશની લાલિમા તેના વ્યક્તિત્વમાં છે.

આ અરણ્યવાસી લોકો હાડ ગાળી નાખે એવી કાતિલ ઠંડીમાં, જંગલી ભેંસો, વાઘ-રીંછ જેવાં જંગલી જાનવરો અને કુદરતી આપત્તિઓ વચ્ચે પણ બારે મહિના જુવાર, મકાઇ, ફાગણમાં થતું ગરમર ફળ, ખેડીના દાણા, સિદ્ધ ને જંગલી બાથયા શાક ખાઇને રહે છે. આ લોકો માટે 'ભાત' એ તો મિષ્ટાન્ત છે અને ત ખાવા માટે ભીમદાસ ટોલાનો દુર્ગમ પહાડી વિસ્તાર ભેદીને કે ચારથી સાત માઇલ સુધી ચાલીને જાય છે. કૉલેરા જેવા ચેપી રોગમાં પણ માખો બણબણતો ભાત ખાવા માટે સાચવી મૂકે છે. ફૂલ કિયા બઇહારમાં કાપણી સમયે અનેક જગ્યાએથી જાતજાતના લોકો બે પૈસા કમાવાની લાલચે આવી ચડે છે, અને ત્યાં મેળા જેવું વાતાવરણ સર્જાય છે. આ લોકો અરણ્યની ભોળી જનતાના ભોળપણનો લાભ ઉઠાવે છે; મારવાડી વેપારીઓ તોલમાપમાં તો ફેરીવાળા વસ્તુના બદલામાં અનેકગણાં સરસિયાં પડાવીને. અહીં કલાનું માહાત્મ્ય પેટ પૂરતું સીમિત છે. નૃત્યકાર બાળક ધાતુરિયા- 'છક્કરબાજી' નાચ શીખે છે. પણ તેની કલાની કદર કરનાર અહીં કોઇ નથી. કલકત્તા જઇ પોતાનો નાચ બતાવવાની આ બાલકની હોંશ મનમાં જ રહી જાય છે ને એક દિવસ તેનું શબ ડબલ્યું લાઇનના એક સ્ટેશનેથી મળી આવે છે. ગંગોતા અને અન્ય મજૂરવર્ગના કિસ્મતમા માત્ર કાળી મજૂરી જ લખાયેલી છે. તેમણે પકવેલું ધાન્ય તો રાસબિહારી કે છટુસિંહ જેવા લોકો વ્યાજના બદલામાં ઉપાડી જાય છે. 'મોટી માછલી નાની માછલીને ગળી જાય' એ જ ન્યાય અહીં પણ લાગુ પડે છે. વિધાનસભા ને લોકસભાના નામથી પણ અજાણ એવા આવિસ્તારમાં પણ રાજકારણ તો રમાય જ છે, એ વાત લેખકના સંવેદનનું કેન્દ્ર બની છે.

'સમુદ્રાન્તિકે'માં પણ વાસ્તવિક જીવનના ચિરંતન અંશો પડેલા છે. અહીંના લોકો ગમે તેવા મોટા માણસને પણ 'તું-તારી'થી સંબોધે છે. પણ એમાં ઉપહસનીયતા નથી, આતિથ્યનું ઊર્મિસભર ઊંડાણ છે. પશુ-પક્ષીઓને ભૂખે મારી તેના પર 'રિસર્ચ' કરતા આપણા સુસંસ્કૃત માનવી સામે અનેક પંખીઓ વિશે જાણકારી ધરાવતા નૂરભાઇને મૂકીએ ત્યારે તે આપણા અહોભાવના અધિકારી બની જાય છે. પચીસ સાંતી જમીનનો ધણી શ્યામજી મુખી ચોમાસા બાદ રોડ બાંધવાની મજૂરી કરે છે. એક બાજુ તે મુખો છે અને બીજી બાજુ મુકાદમની ગાળો ખાતો સામાન્ય મજૂર શ્યામજી. તે પોતાને ભાગે આવેલી આ બંને ભૂમિકાઓ આટલી સ્વસ્થતાપૂર્વક કેવી રીતે નિભાવી શકતો હશે, એ આપણને વિચારતા કરી મૂકે એવો પ્રશ્ન છે. દરિયામાં ગયેલો ખલાસી પાછો ન ફરે કે તેના મૃત્યુના કોઇ સગડ-સંકેત ન મળે ત્યાં સુધી તેની રાહ જોવાય છે. પછી ભલેને આખી જિંદગી તેના કુટુંબીજનો દરિયા સામે આશાસ્પદ નજરે તાકી રહે ! દરિયામાં અવનવાં સાહસો ખેલતા ક્રિષ્ના ટંડેલની જીવનરીતિ ત્યાંના લોકોથી ભિન્ન છે. સ્થળચર અને જળચર જેવી જીવનશૈલીમાં તે ઉભયચર છે. 'ભેંસલા' જેવા ભયનક સ્થાને પણ માત્ર એક લાગણીને વશ થઇને તે જઇ આવ્યો છે. અવલના જીવનની દયનીય સ્થિતિ અંતે જતાં ભાવક સમક્ષ સ્ફુટ થાય છે. વૈભવ-વિલાસ છોડીને તે પ્રકૃતિ અને પ્રકૃતિની ઓથ શ્વસતાં માનવીઓ સાથ એકરૂપ થઇ જીવન વ્યતીત કરે છે. કંગાળ બાળકોનાં ગુજરાનની વ્યવસ્થા કરતી, બાળકો સાથ બાળક બની રહેતી, વીંછીને પણ અતિથિ માની પોતાના ઘરમાં આશરો આપતી, બાળકો પાસે રાત્રિના અંધકારમાં લાકડાંની ચોરી કરાવી, પાછળથી તેનું રહસ્ય ખોલતી અવલ આપણાં માન-સન્માનની અધિષ્ઠાત્રી બને છે.

વાસ્તવિક જીવન પરત્વે બંને કૃતિઓના લેખકોનું સંવેદન સમાન અને પરસ્પર પ્રતિસ્પર્ધી લાગે છે. તેમ છતાં 'આરણ્યક'ના લેખકનું આ સંવેદન વ્યાપકપણે અનુભવાય છે. તેમાં સંવેદનની ક્ષિતિજો વધુ વિસ્તીર્ણ છે. માનવીને માનવી પ્રત્યેનો ભય 'સમુદ્રાન્તિકે'ના લોકોને નથી. જ્યારે 'આરણ્યક'માં માનવી અને કુદરતી આફતો એમ બંને ભય પાત્ર ઉપર તોળાય છે; અને એથી જ તેમનું કસોટીપથ્થર પર કસાયેલું આત્મબળ આપણા વ્યાપક સંવેદનના ખ્યાલને મૂર્તિમંત કરે છે.

સમુદ્રતટે અને અરણ્યમાં વસતા લોકોના રિવાજ, માન્યતા, અંધશ્રદ્ધા વગેરેનું નિરૂપણ બંને કૃતિઓના સર્જકોએ ત્યાંના પરિવેશાનુસાર કર્યું છે. 'આરણ્યક'માં જંગલી ભેંસોના દેવ ટાંડવારો દ્વારા ભેંસોનું રક્ષણ કરવું, સ્ત્રીનું સફેદ કૂતરા વેશે આવવું, પરીઓનું કુંડમાં નહાવા ઊતરવું વગેરે માન્યતા કે અંધશ્રદ્ધાનું આલેખન થયું છે. 'સમુદ્રાન્તિકે'માં લેખકે ભેંસલા સ્થાનકના સાતત્ય વિશે, સગાળશાની હવેલી અને ચેલૈયાને ખાંડ્યો હતો તે જગ્યા શ્યાલબેટ પર હોવા વિશે, વરાહસ્વરૂપ અને રુક્મીપાણા વિશે અને સાપ કરડે ત્યારે વ્યક્તિને દરગાહે લઇ જવા વિશેની પ્રચલિત માન્યતા - અંધશ્રદ્ધાનું દર્શન કરાવ્યું છે. આ બાબતે એક વાત નોંધવા જેવી છે કે 'સમુદ્રાન્તિકે'ના લેખક માન્યતા કે અંધશ્રદ્ધાને માત્ર તેના તે જ રૂપે કલ્પે છે, જ્યારે 'આરણ્યક'ના લેખક માન્યતા - અંધશ્રદ્ધા કે વાસ્તવિકતા વચ્ચે ભેદરેખા સ્પષ્ટ કરતા નથી. જેને કારણે ભાવકને, સ્ત્રી શ્વાન બનીને આવે તેવો પ્રસંગ પણ વાસ્તવિક જ લાગે.

ઉપર્યુક્ત બંને કૃતિઓ - 'આરણ્યક' અને 'સમુદ્રાન્તિકે' - વચ્ચેના સામ્ય-ભેદ અને તેના અંતસ્તત્ત્વનો આટલો વિચાર કર્યા પછી અંતે એટલું અવશ્ય કહી શકાય કે આ બંને રચનાઓ પ્રકૃતિના મહિમાગાનની અને પ્રકૃતિરસિકોને પ્રકૃતિના અવર્ણનીય રસનું પાન કરાવતી રચનાઓ છે, જેનું નામ ભારતીય સાહિત્યની ચિરંજીવી કૃતિઓમાં હંમેશા લેવાતું રહેશે.